# નમૂનો– ૧

અગ્રતા ક્રમ –: ૬

વિભાગ :– મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન : તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૨૧

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

પ્રશ્નનું શિર્ષક : ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર :

શ્રી કલ્પેશભાઇ આશાભાઇ પરમાર (માતર)

# અગ્રતા ક્રમ : ૬

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૧૨૧

## ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

## અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| **મુખ્ય પ્રશ્ન** | ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો | |
| **જવાબ** | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ/સરકારશ્રીની નીતિ | |
| | પૂરક માહિતી | **પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ** |
| **પેટા પ્રશ્ન-૧** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જીલ્લામાં ગામતળ નીમ કરવાની કુલ કેટલી દરખાસ્તો મળી? | **શ્રી કલ્પેશભાઇ આશાભાઇ પરમાર (માતર)** |
| **પેટા પ્રશ્ન-૨** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ક્યાં ગામોમાં ગામતળ નીમ કરવામાં આવેલ છે? | **શ્રી કલ્પેશભાઇ આશાભાઇ પરમાર (માતર)** |
| **પેટા પ્રશ્ન-૩** | ઉક્ત દરખાસ્તો પૈકી દફતરે કરવામાં આવેલ દરખાસ્ત ક્યાં કારણોસર કરવામાં આવી? | **શ્રી વિપુલભાઇ વી. પટેલ (સોજીત્રા)** |
| **પેટા પ્રશ્ન-૪** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા અને ક્યાંતાલુકામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો મળી છે? | **શ્રી વિપુલભાઇ વી. પટેલ (સોજીત્રા)** |
| **પેટા પ્રશ્ન-૫** | ગામતળ નીમ કરવાની જોગવાઇઓ અને સક્ષમ અધિકારીઓની પ્રવર્તમાન સત્તા મર્યાદા કેટલી છે? | **શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ)** |
| **પેટા પ્રશ્ન-૬** | ગૌચર સદરની જમીન ગામતળ સદરે નીમ કરવાની સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇઓ શું છે? | **શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ)** |

# ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/121

વિષય:

ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 05/01/2024 | તારીખ 29/01/2024 | 12/01/2024 |

*15/4/121 શ્રી કલ્પેશભાઇ આશાભાઇ પરમાર(માતર)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલુ ગામતળ નીમ કરવામાં આવેલ છે?

----

મેઇન પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

Letter No: RD/1644/01/2024 Dt: 25-01-2024

૨

**ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો**

***૧૫/૪/૧૨૧ :** શ્રી કલ્પેશભાઇ આશાભાઇ પરમાર(માતર): માનનીય મુખ્ય મંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને | (૧) | ૦૩ (ત્રણ) |
| (૨) | મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલું ગામતળ નીમ કરવામાં આવેલ છે? | (૨) | કુલ ક્ષે. હે. ૧૧-૯૯-૪૯ આરે. |

---

ક્રમાંક:- RD/MPL/e-file/15/2024/0728/K(LandAq)

મહેસૂલ વિભાગ,

સચિવાલય,ગાંધીનગર.

તા........./૦૧/૨૦૨૪

પ્રતિ,

સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર, તરફ તેઓશ્રીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૨૧ ના અનુસંધાને

(ડી. આર. ભમ્મર)

સંયુક્ત સચિવ(જમીન)

મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર

નકલ રવાના:-

- સેકશન અધિકારીશ્રી,"બ-૧"શાખા,મહેસૂલ વિભાગ,સચિવાલય, ગાંધીનગરને તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૨૧ના નિકાલ સંદર્ભ જાણ સારૂં.
- સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by: D R Bhammar
Joint Secretary
Date: 2024.01.25
13:21:33 +05:30

File No: RD/MPL/e-file/15/2024/0728/K (Land Aq)
Approved By: Minister,Minister Office-IMD,IMD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

મેઇન પેજ પર જાઓ

## સરકારશ્રીની નીતિ-હાર્દ

- ગ્રામ્ય વિસ્તારમાં ઘરવિહોણા કુટુંબોને રહેણાંકના હેતુસર જમીન ફાળવવાની જોગવાઇ અમલી છે. ગામતળની જમીનમાંથી સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત રહેણાંક હેતુમાટે/ મફતગાળાના પ્લોટની ફાળવણી થયા બાદ જુનું ગામતળ ઉપલબ્ધ ન હોય, ત્યારે નવું ગામતળ નીમ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ માટે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૩૮ હેઠળ જોગવાઇઓ નિયત કરવામાં આવેલ છે.
- ગામતળ નીમ કરવા અર્થે મુંબઇ જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ–૩૮ અન્વયે સત્તાઓ જીલ્લા કલેક્ટરશ્રીઓને એનાયત થયેલ છે. વહીવટી કાર્યદક્ષતા ખાતર કલેક્ટરશ્રી આ સત્તા પ્રાંત અધિકારીશ્રીને તબદીલ કરી શકે છે. ક્ષેત્રફળ સંબંધિત સત્તા મર્યાદા અંગે કોઇ સ્પષ્ટતા થયેલ નથી.
- ગામતળ વધારવા અંગેની દરખાસ્તો તાલુકા વિકાસ અધિકારી દ્વારા જિલ્લા કલેક્ટરશ્રીને કરવામાં આવે છે.
- મામલતદારે ગ્રામપંચાયત મારફત ગામે કેટલા લોકોને ઘરથાળની જરૂરીયાત છે અને ગામતળ કેટલું ઉપલબ્ધ છે તથા વધારાના ગામતળ માટે કેટલી જમીન જોઇએ છે તે મામલતદારે નક્કી કરવું.
- ગામતળ નીમ કરવા માટે નીચે પ્રમાણે જમીન પસંદ કરવામાં આવે છે.

(૧) સરકારી કે પંચાયત હસ્તકની જમીન

(૨) ગામલોકો અંદરોઅંદર ચર્ચા વિચારણા કરીને ખાનગી જમીન ખરીદીને

(૩) સંપાદન કાયદા હેઠળ ખાનગી જમીન સંપાદન કરીને

- આવી દરખાસ્તો મળ્યા પછી તેની ચકાસણી કરીને કલેક્ટરશ્રી દ્વારા જમીન ગામતળ તરીકે નીમ કર્યા બાદ પંચાયતને સોંપવાની હોય છે.
- ગામતળ નીમ કરવા માટે જ્યારે ગૌચર સદરની જમીન પસંદ કરવામાં આવે ત્યારે મહેસૂલ વિભાગની ગૌચર નીતિના તા.૩૦/૦૬/૨૦૧૮ ઠરાવની જોગવાઇઓ મુજબ ગામતળ નીમ કરવા તથા અનિવાર્ય સંજોગોમાં જાહેર હિત માટે ગૌચર જમીનનો ઉપયોગ કરવાનો થાય ત્યારે ગૌચરના ધોરણો જળવાય તે હેતુસર ગામે અન્ય સરકારી પડતર જમીન ગૌચર સદરે નીમ કરવાની જોગવાઇઓ અમલી છે. આવા કિસ્સાઓમાં જમીનની કિંમત તેમજ ૩૦% જંત્રી કિંમત વસૂલ કરવાની રહેશે નહી.

મેઇન પેજ પર જાઓ

## પૂરક નોંધ

**(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની કુલ–૬ (છ) દરખાસ્તો મળેલ છે. જે પૈકી ૩ દરખાસ્ત મંજુર કરવામાં આવેલ છે. મંજુર કરેલ દરખાસ્તની વિગત નીચે મુજબ છે.**

(**A**) મોજે.પાલૈયા તા.ગળતેશ્વરના સર્વે નં. ૪૩૦ પૈકી, સર્વે નં.૪૨૮ તથા સર્વે નં.૪૨૬૦૦૧ ની કુલ હે.૧૦–૩૨–૨૬ પ્ર.આરે. જમીન નાયબ કલેક્ટરશ્રી, ઠાસરાના તા.૨૫/૦૭/૨૦૨૨ ના હુકમ નં.જમન/ગામતળ/પાલૈયા/વશી/૯૧૪ થી ૯૨૧/ ૨૦૨૨ થી સરદાર સરોવર યોજનાના વસાહતીઓ માટે પુન: વસવાટના હેતુ ગામતળ નીમ કરવામાં આવેલ છે.

(**B**) મોજે.મોરઆંબલી તા.ઠાસરાના સર્વે નં.૨૭૩ ની ક્ષે.હે.૦–૬૭–૩૫ પ્ર.આરે. જમીન નાયબ કલેક્ટરશ્રી, ઠાસરાના તા.૨૧/૦૯/૨૦૨૩ના હુકમ નં.જમન/ગામતળ/ મોરઆંબલી/વશી/૧૧૧૫ થી ૧૧૨૦/૨૦૨૩ થી ઘરથાળના પ્લોટ ફાળવવા ગામતળ નીમ કરવામાં આવેલ છે.

(**C**) મોજે.પીજ તા.વસોના બ્લોક નં.૨૨૨૨ વાળી જમીન પૈકી ક્ષે.હે.૦–૯૯–૮૮ ચો.મી. જમીન નાયબ કલેક્ટરશ્રી, નડીઆદના તા.૨૧/૦૯/૨૦૨૩ના હુકમ નં.જમન/પીજ/ગામતળ/વશી/૬૬૯ થી ૬૭૫/૨૦૨૩ થી ઘરથાળના પ્લોટ ફાળવવા ગામતળ નીમ કરવામાં આવેલ છે.

**(૨) બાકી ૩ (ત્રણ) દરખાસ્તો પૈકી ૧ દરખાસ્ત પૂર્વ મંજુરી અર્થે સરકારશ્રીમાં સાદર કરેલ છે તેમજ ૨ દરખાસ્ત દફતરે કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.**

(**A**) મોજે.જાખેડ તા.ઠાસરાના સર્વે/બ્લોક નં.૧૧૮૩ વાળી ગૌચરની જમીન પૈકી ૫૦૦૦ ચો.મી. જમીન પ્લોટ ફાળવવા સારુ ગામતળ નીમ કરવા અંગેની દરખાસ્ત ગૌચર સદરની જમીન હોઈ મહેસુલ વિભાગની પુર્વ મંજુરી અર્થે અત્રેની કચેરીના પત્ર નં.જમન–૧/વશી/૧૫૬૧ થી સાદર કરેલ છે.

(**B**) મોજે.પડાલ, તા.ગળતેશ્વર, જિ.ખેડાના સર્વે નં.૫, ક્ષે.૫૦૦૦૦ ચો.મી. વાળી જમીન અંગે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ઠાસરા સિંચાઈ પેટા વિભાગના અભિપ્રાયની વિગતે સદરહું જમીન શેઢી નદીથી ૫૦ મીટર દુર હોઈ તેમજ ચોમાસાની ઋતુમાં સદર જમીનમાં શેઢી નદીનું પુરનું પાણી ભરાઈ જતુ હોઈ નકારાત્મક અભિપ્રાય પાઠવેલ હોઈ સદર માંગણી પ્રાંત અધિકારીશ્રી ઠાસરા દ્વારા તા.૨૦/૦૭/૨૦૨૨ના રોજ દફતરે કરવામાં આવેલ છે.

(**C**) મોજે.રોઝવા, તા.ગળતેશ્વર, જિ.ખેડાના સર્વે નં.૫૭૨, ક્ષે.૧૪૧૬ ચો.મી. વાળી જમીન ગામતળ નીમ કરવા દરખાસ્ત અત્રે મળેલ હતી. સદર જમીન ગૌચર સદરની હોય તેના બદલામાં મોજે.મેનપુરા, તા.ગળતેશ્વરના સ.નં.૪૦૫ વાળી સરકારી પડતર જમીન ગૌચર નીમ કરવા પ્રાંત અધિકારશ્રી ઠાસરા દ્વારા અત્રે દરખાસ્ત મોકલેલ પરંતુ સદરહુ જમીન ગૌચર નીમ કરવા ગ્રામ પંચાયત, મેનપુરાનો વિરોધ હોય ઠરાવ કરેલ નથી તેમજ માંગણીવાળી મોજે.રોઝવા તા.ગળતેશ્વરના સર્વે નં.૫૭૨ વાળી જમીનમાં કાચા ઈંટેરી મકાનોનું દબાણ થયેલ હોય સદર જમીન ગામતળ નીમ કરવા અંગેની દરખાસ્ત પ્રાંત અધિકારીશ્રી, ઠાસરા દ્વારા તા.૨૬/૦૪/૨૦૨૩ના રોજ દફતરે કરવામાં આવેલ છે.

**મેઈન પેજ પર જાઓ**

# અગ્રતા ક્રમ : ૬

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૧૨૧**

**ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો**

## માન. ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ આશાભાઈ પરમાર (માતર)

| | |
|---|---|
| **પ્રશ્ન ૧** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જીલ્લામાં ગામતળ નીમ કરવાની કુલ કેટલી દરખાસ્તો મળી? |
| **જવાબ** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જીલ્લામાં ગામતળ નીમ કરવાની કુલ ૬(છ) દરખાસ્તો મળી. |

મેઈન પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૬

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૧૨૧
### ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

## માન. ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ આશાભાઈ પરમાર(માતર)

| | |
|---|---|
| **પ્રશ્ન ૨** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ક્યાં ગામોમાં ગામતળ નીમ કરવામાં આવેલ છે? |
| **જવાબ** | ખેડા જિલ્લાના<br>(૧) ગળતેશ્વર તાલુકાના મોજે:પાલૈયાની ૧૦૩૨૨૬ ચો.મી. (એક લાખ ત્રણ હજાર બસો છવીસ ચોરસ મીટર) જમીન<br>(૨) ઠાસરા તાલુકાના મોજે: મોરાઆંબલી ૬૭૩૫ ચો.મી. (છ હજાર સાતસો પાંત્રીસ ચોરસ મીટર) જમીન<br>(૩) વસો તાલુકાના મોજે:પીજ ખાતે ૯૯૮૮ ચો.મી. (નવ હજાર નવસો અઠ્યાસી ચોરસ મીટર) જમીન ગામતળ સદરે નીમ કરવામાં આવેલ છે. |

મેઈન પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૬**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૧૨૧**
**ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો**

## માન. ધારાસભ્યશ્રી વિપુલભાઇ વી. પટેલ (સોજીત્રા)

| | |
|---|---|
| **પ્રશ્ન ૩** | ઉક્ત દરખાસ્તો પૈકી દફતરે કરવામાં આવેલ દરખાસ્ત ક્યાં કારણોસર કરવામાં આવી? |
| **જવાબ** | (૧) મોજે: પડાલ, તા.ગળતેશ્વર, જિ.ખેડાના સર્વે નં.૫, ક્ષે.૫૦૦૦૦ ચો.મી. વાળી જમીન અંગે નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, ઠાસરા સિંચાઇ પેટા વિભાગના અભિપ્રાયની વિગતે સદરહુ જમીન શેઢી નદીની ૫૦ મીટર અંતરે હોઇ, તેમાં વરસાદની ઋતુમાં પાણી ભરાવાની સંભાવના હોઇ, ગામતળ નીમ કરવા યોગ્ય જણાતી ન હોય, પ્રાંત અધિકારીશ્રી, ઠાસરા દ્વારા દફતરે કરવામાં આવેલ છે.<br>(૨) મોજે:રોઝવા, તા.ગળતેશ્વર, જી.ખેડાન સર્વે નં.૫૭૨, ક્ષે. ૧૪૧૬ ચો.મી. વાળી જમીન ગૌચર સદરની હોઇ તેમજ કાંચા ઇંટેરી મકાનોનું દબાણ થયેલ હોઇ, પ્રાત અધિકારીશ્રી, ઠાસરા દ્વારા દફતરે કરવામાં આવેલ છે. |

મેઈન પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૬

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૧૨૧

## ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

## માન. ધારાસભ્યશ્રી વિપુલભાઇ વી. પટેલ (સોજીત્રા)

| | |
|---|---|
| **પ્રશ્ન ૪** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા અને ક્યાં તાલુકામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો મળી છે? |
| **જવાબ** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કુલ ૩(ત્રણ), ગળતેશ્વર, વસો, ઠાસરા તાલુકામાંથી ગામતળ નીમ કરવાની દરખાસ્તો મળી છે. |

મેઈન પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૬

### વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૧૨૧
### ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

## માન. ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ)

| | |
|---|---|
| **પ્રશ્ન ૫** | ગામતળ નીમ કરવાની જોગવાઇઓ અને સક્ષમ અધિકારીઓની પ્રવર્તમાન સત્તા મર્યાદા કેટલી છે? |
| **જવાબ** | • ગામતળ નીમ કરવા અર્થે મુંબઇ જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ ૩૮–અન્વયે સત્તાઓ જીલ્લા કલેક્ટરશ્રીઓને એનાયત થયેલ છે .વહીવટી કાર્યદક્ષતા ખાતર કલેક્ટરશ્રી આ સત્તા પ્રાંત અધિકારીશ્રીને તબદીલ કરી શકે છે . ક્ષેત્રફળ સંબંધિત સત્તા મર્યાદા અંગે કોઈ સ્પષ્ટતા થયેલ નથી .<br>• ગામતળ વધારવા અંગેની દરખાસ્તો તાલુકા વિકાસ અધિકારી દ્વારા જિલ્લા કલેક્ટરને કરવામાં આવે છે .<br>• આવી દરખાસ્તો મળ્યા પછી તેની ચકાસણી કરીને કલેક્ટરશ્રી દ્વારા જમીન ગામતળ તરીકે નીમ કર્યા બાદ પંચાયતને સોંપવાની હોય છે .<br>• ગૌચરની જમીન ગામતળ તરીકે નીમ કરવા બાબતે સરકારશ્રીની પૂર્વ મંજૂરી આવશ્યક છે. |

મેઈન પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૬**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૧૨૧**

**ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો**

## માન. ધારાસભ્યશ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ)

| | |
|---|---|
| **પ્રશ્ન ૬** | ગૌચર સદરની જમીન ગામતળ સદરે નીમ કરવાની સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇઓ શું છે? |
| **જવાબ** | મહેસૂલ વિભાગના તા.૩૦/૦૬/૨૦૧૮ ઠરાવની જોગવાઇઓ મુજબ ગામતળ નીમ કરવા તથા અનિવાર્ય સંજોગોમાં જાહેર હિત માટે ગૌચર જમીનનો ઉપયોગ કરવાનો થાય ત્યારે ગૌચરના ધોરણો જળવાય તે હેતુસર અન્ય સરકારી પડતર જમીન ગૌચર સદરે નીમ કરવાની જોગવાઇઓ અમલી છે. આવા કિસ્સાઓમાં જમીનની કિંમત તેમજ ૩૦% જંત્રી કિંમત વસૂલ કરવાની રહેશે નહી. |

મેઇન પેજ પર જાઓ